
**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૩ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




## કાવેરી વિવાદ મામલે કર્ણાટકમાં વ્યાપક હિંસા

**તમિળનાડુ અને કર્ણાટક વચ્ચે વિખવાદ વધતા સ્થિતિ વિસ્ફોટક : બંને રાજ્યોના જુદા જુદા ભાગોમાં એકબીજાના નાગરિકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાના પ્રયાસ : જયલલિતા અને સીદ્ધારમૈયા દ્વારા ઉચ્ચસ્તરીય બેઠકો**





નવીદિલ્હી, તા. ૧૨

કાવેરી જળને લઈને તમિળનાડુ અને કર્ણાટક વચ્ચે સંબંધો ખુબ વણસી ચુક્યા છે. કાવેરી પાણીને લઈને આજે વ્યાપક તોડફોડ જોવા મળી હતી. બંને રાજ્યો વચ્ચે ખેંચતાણ વચ્ચે કર્ણાટકમાં ઉગ્ર પ્રદર્શન જોવા મળ્યા હતા. હિંસક પ્રદર્શનના કારણે આજે કર્ણાટકમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. વ્યાપક તોડફોડ અને આગની ઘટનાઓ જોવા મળી હતી. તમિળનાડુમાં પાણી આપવાને લઈને સુપ્રીમ કોર્ટે પણ આક્રમક વલણ અપનાવ્યું છે જેથી કર્ણાટકના લોકોમાં નારાજગી પ્રવર્તી રહી છે. બેંગ્લોરમાં આજે દેખાવકારોએ વાહનોમાં જોરદાર તોડફોડ કરી હતી. અનેક વાહનોને આગ ચાંપી દીધી હતી. સ્થિતિ વણસી ગયા બાદ બેંગ્લોરમાં અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. આની સાથે જ મેટ્રોની સર્વિસ પણ ખોરવાઈ ગઈ હતી. જો કે, મોડેથી આ સર્વિસ સામાન્ય કરવામાં આવી હતી. હિંસાની આગમાં તમિળનાડુ પણ લપેટાયેલું છે. તમિળનાડુમાં કર્ણાટકના લોકો દ્વારા સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. તમિળનાડુમાં કર્ણાટકના લોકોની સંપત્તિ નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ચેન્નાઈમાં તમિળ સમર્થક દેખાવકારોએ કર્ણાટકના નિવાસી એક વ્યક્તિની હોટલમાં હુમલો કર્યો હતો અને હોટેલને ભારે નુકસાન

● અનુસંધાન પાન-૭ પર

## કેજરીવાલના ૪૦ સલાહકારો પર તલવાર

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી સરકારે ૨૧ સંસદીય સચિવોના હોદ્દા ગુમાવી દીધા બાદ હવે મોટા હોદ્દા પર રહેલા અને સારા પગાર મેળવી રહેલા આશરે ૪૦ સલાહકારો અને ખાનગી સ્ટાફ પર રાજભવનની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. તેમના પર હવે તલવાર લટકી રહી છે.

## રશિયા-પાક લશ્કરી કવાયત યોજશે : ભારત ભારે ચિંતિત

ઈસ્લામાબાદ,તા. ૧૨

પાકિસ્તાન અને રશિયા પ્રથમ વખત સંયુક્ત લશ્કરી કવાયત યોજવા જઈ રહ્યા છે. ટોચના અધિકારીઓ અને રાજકીય સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, રશિયા અને પાકિસ્તાન સંયુક્તરીતે લશ્કરી કવાયત હાથ ધરવાની દિશામાં આગળ વધ્યા બાદ ભારતની ચિંતા વધી શકે છે. પાકિસ્તાન રશિયા પાસેથી અતિઆધુનિક વિમાન ખરીદવાની પણ યોજના ધરાવે છે. રશિયા અને ભારત વચ્ચેના સંબંધો હંમેશાથી ઘણા સારા રહ્યા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાન અને રશિયા વચ્ચેની મિત્રતા ભારતને હેરાન કરી શકે છે. બંને દેશો વચ્ચે લશ્કરી સંબંધો ખુબ મજબૂત રહ્યા છે. કેટલાક જાણકાર લોકોનું કહેવું છે કે, રશિયા પાકિસ્તાન સરકારના બદલે ત્યાની સેનાની સાથે સંબંધો વધારવામાં વધારે રસ ધરાવે છે. પાકિસ્તાની સેના ક્યારે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો સામાન્ય થાય તેમ ઈચ્છા રાખતી નથી. આવી સ્થિતિમાં આ લશ્કરી કવાયતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

## ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી માટે ટીમ ઈન્ડિયા જાહેર

**ટીમમાં સ્થાન જાળવવામાં રોહિત શર્મા સફળ : બિન્ની, ઠાકુર આઉટ : ચેતેશ્વર પુજારા પણ સ્થાન જાળવવામાં સફળ : ૨૨મી સપ્ટેમ્બરથી કાનપુરમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ**






મુંબઈ, તા. ૧૨

ન્યુઝીલેન્ડ સામે રમાનારી ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમની આજે જાહેરાત કરવામાં આવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ૧૫ સભ્યોની ટીમમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી. વેસ્ટઈન્ડિઝના પ્રવાસ પર ગયેલી ટીમમાંથી ઝડપી બોલર શાર્દુલ ઠાકુર અને ઓલરાઉન્ડર સ્ટુઅર્ટ બિન્નીને આ સિરિઝ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. જો કે, રોહિત શર્માની પસંદગી કરવામાં આવી છે. રોહિત શર્મા સ્થાન જાળવી રાખવામાં સફળ રહેતા મોટી રાહત થઈ છે. આખરે તે ટીમમાં સ્થાન જમાવવામાં સફળ રહ્યો છે. મુખ્ય પસંદગીકાર સંદિપ પાટીલે કહ્યું હતું કે, રોહિત શર્મા એક શાનદાર ખેલાડી છે તેને ટેસ્ટ મેચોમાં વધારે તક મળી નથી. તેને એક બે મેચ બાદ જ બહાર કરી દેવામાં આવે છે. કોઈપણ બેટ્સમેનને પુરતી તક મળે તે ખુબ જરૂરી છે. ગ્રેટર નોઈડામાં રમાઈ રહેલી દુલિપ ટ્રોફી મેચમાંથી કોઈપણ ખેલાડીની પસંદગી કરાઈ નથી. ઈન્ડિયા બ્લુના શેલ્ડન જેકસન ૧૮૩ રનની સરેરાશ

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટી કાઉન્સિલની રચનાને કેન્દ્રીય કેબિનેટની લીલીઝંડી

નવી દિલ્હી, તા. ૧૨

કેબિનેટે આજે જીએસટી કાઉન્સિલની પ્રક્રિયા, રચના અને કામગીરીને લીલીઝંડી આપી હતી. જીએસટી કાઉન્સિલ દ્વારા પરોક્ષ કરવેરા વ્યવસ્થા હેઠળ ટેક્સના નવા દરો નક્કી કરવામાં આવશે. નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં આ કાઉન્સિલની રચના કરવામાં આવશે જેમાં તમામ ૨૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રતિનિધિઓ રહેશે. કાઉન્સિલની રચના ૧૧મી નવેમ્બર સુધી કરી દેવામાં આવશે. આ કાઉન્સિલ ટેક્સના રેટ અંગે નિર્ણય લેશે. સાથે સાથે નવી પરોક્ષ કરવેરા વ્યવસ્થામાં જુદી જુદી મુક્તિ, થ્રોસેલ્ડ મર્યાદા અંગે નિર્ણય લેશે. નવી પરોક્ષ કરવેરા વ્યવસ્થા અથવા તો જીએસટીની વ્યવસ્થા પહેલી એપ્રિલ ૨૦૧૭ના દિવસે અમલી કરવામાં આવશે. સરકારે ૧૨મી સપ્ટેમ્બરના દિવસે આને મંજુરી આપવા માટે જાહેરનામુ જારી કર્યું હતું. એ તારીખથી જીએસટી કાઉન્સિલની રચના માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક આજે યોજાઈ હતી જેમાં જીએસટી કાઉન્સિલની પ્રક્રિયા, રચના અને કામગીરીને લીલીઝંડી આપવામાં આવી હતી.

## અંબાના ધામમાં શ્રદ્ધાનું ઘોડાપુર





### ભાદરવી મેળામાં સાડા ૯ લાખ ભક્તોએ દર્શન કર્યા

અમદાવાદ, તા.૧૨

અંબાજીમાં ભાદરવી પૂનમ મેળાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ધસારો જોવા મળી રહ્યો છે. શરૂઆતના ત્રણ દિવસના ગાળામાં જ સાડા નવ લાખથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. આ ઉપરાંત અંબાજી માતા મંદિરમાં વિવિધ બેંકો અને અન્યરીતે જોરદાર આવકનો પ્રવાહ પણ જારી છે. ભોજન પ્રસાદ કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા પણ દોઢ લાખની આસપાસ પહોંચી ચુકી છે. જ્યારે કુલ આવકનો આંકડો વધીને ૧૭૩૪૯૮૮૨ સુધી પહોંચી ગયો છે. આજે ભાદરવી પૂનમ મેળાના ત્રીજા દિવસે યાત્રીઓની સંખ્યા સાંજે ૪.૩૦ વાગ્યાના ગાળા સુધી જ ૫૧૬૩૨૬ જેટલા શ્રદ્ધાળુઓની સંખ્યા નોંધાઈ ગઈ હતી. ૧૧મી તારીખે યાત્રીઓની સંખ્યા ૨૯૯૩૨૫ નોંધાઈ હતી.

આજે ત્રીજા દિવસે બસમાં મુસાફરી કરેલા યાત્રીઓની સંખ્યા ૫૧૬૯૦ નોંધાઈ હતી. ગઈકાલે બીજા દિવસે ૨૪૬૪૦ બસ જોવા મળી હતી. જ્યારે એસએમએસની સંખ્યા ૨૦૧૯૮૩ નોંધાઈ હતી. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી ભારદવી પૂનમ મહામેળા સાથે જોડાયેલા લોકો અને અધિકારીઓ તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ આજે સોમવારના દિવસે ભાદરવી પૂનમ મેળાના ત્રીજા દિવસે ૫૧૬૩૨૬ જેટલા શ્રદ્ધાળુઓ સાંજે ચાર વાગ્યા સુધી નોંધાઈ ગયા હતા.

બીજી બાજુ ભોજન પ્રસાદ કરનાર યાત્રીઓની સંખ્યા સાંજે ત્રણ વાગ્યા સુધીના આંકડા મુજબ ૭૦૭૦૨ જેટલી નોંધાઈ હતી. આવી જ રીતે ત્રીજા દિવસે ૭૨૭૦૬૯૦ રૂપિયાની આવક થઈ હતી. આ ઉપરાંત ૩૭૬૩૫૮૨ રૂપિયાની બેંક આવક થઈ હતી. ધજારોહણની સંખ્યા ૩૮૨ નોંધાઈ હતી.

પ્રસાદ વિતરણમાં બપોરના ગાળા સુધી ૨૯૭૨૭૧ની સંખ્યા નોંધાઈ હતી. હજુ સુધી પ્રથમ ત્રણ દિવસમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૯ લાખથી વધુ નોંધાઈ ચુકી છે. હજુ આ મેળો જારી રહેનાર છે જેથી શ્રદ્ધાળુઓનો આંકડો અંદાજ મુજબ જ ૨૦ લાખથી ઉપર પહોંચી શકે છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે.

## ભાવનગરમાં તંગદીલી વચ્ચે હિરાબજાર સજ્જડ બંધ

**રેલીમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા : યુવકને માર મારવાને લઇને પીઆઈ સહિત પાંચ પોલીસ કર્મચારી સામે ફરિયાદ : કલેક્ટરને આવેદનપત્ર અપાયું**

અમદાવાદ, તા.૧૨

ભાવનગરમાં પોલીસ અત્યાચારના વિરોધમાં આજે હિરાબજાર સજ્જડ બંધ રહેતા જનજીવન ઉપર તેની અસર થઈ હતી. થોડાક સમય માટે દંગદિલી પણ ફેલાઈ હતી. રેલી યોજીને સ્થાનિક લોકોએ આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. શહેરમાં ગઈકાલે ભાજપ પ્રદેશ પ્રમુખના સન્માન સમારોહમાં વિરોધ કરવાના મામલે પાટીદાર યુવાનોને પોલીસે માર માર્યો હતો. જે મામલે ઈજાગ્રસ્ત યુવાન કેયુર મોરડિયાએ બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી ભાજપના કાર્યકરો, પીઆઈ, પીએસઆઈ અને ત્રણ કોન્સ્ટેબલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. પાટીદાર યુવાન સાથે થયેલા દમનના મામલે પાટીદાર સમાજ બહાર આવ્યો છે. જે હિરા બજાર બંધનું એલાન આપવામાં આવ્યું હતું અને રેલી કાઢી કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું. અટક કરાયેલ પાટીદાર યુવાનો પર પોલીસે બળ પ્રયોગ કરી ગંભીર માર માર્યાના આક્ષેપ સાથે રવિવારે સાંજે પાટીદારોના ટોળા ભાવનગરના ઘોઘા રોડ બી ડીવીઝન પોલીસ મથક દોડી ગયા હતા. જ્યાં ઉગ્ર રોષ જોઈ પોલીસ મથકના દરવાજા બંધ કરાયા હતા. દરમિયાન ઈજાગ્રસ્ત પાટીદાર યુવાનને સારવાર માટે શહેરની સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખસેડાતા રાત્રે સરકારી હોસ્પિટલ ખાતે પાટીદાર સમાજના કાર્યકરોના ટોળા એકઠા થયા હતા. જેના પગલે પોલીસે પણ બંદોબસ્ત વધારી દીધો હતો. પોલીસ દમનના આક્ષેપ સાથે પાટીદાર સમાજ દ્વારા આજે હિરાબજાર બંધનું એલાન અપાયું છે.

આ ઘટના બાદ ગઈકાલથી માહોલમાં તંગદીલી છવાઈ ગઈ છે. વિશેષમાં જાણવા મળતી વિગતો મુજબ બોટાદ અને ગઢડાની હિરા બજારમાં પણ બંધનું એલાન અપાતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો છે. ભાવનગર શહેરના સરદારનગર ખાતે રવિવારે બપોર બાદ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીનો નાગરિક અભિવાદન સમારોહ શહેરની ૪૦૦ જેટલી સંસ્થાઓ દ્વારા યોજાયો હતો.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આયોજીત આ કાર્યક્રમમાં પૂર્વ ધારણા મુજબ જ પાટીદારોએ વિરોધ નોંધાવ્યો હતો જો કે, ભાવનગર પોલીસના કડક પહેરાના કારણે સમારંભમાં ખુરશીઓ ઉછળી કે હોબાળો મચ્યા જેવી ઘટના બની ન હતી પરંતુ સભામાં પહોંચી ગયેલા પાટીદાર યુવાનોએ મુખ્યમંત્રીના પ્રવચન વેળા જય સરદાર જય પાટીદારના નારા લગાવ્યા હતા તો જીતુભાઈ પ્રવચન કરવા ઉભા થતા જ અન્ય બે યુવાનોએ નારા લગાવતા પોલીસે આ કિસ્સામાં પાટીદાર યુવાનોની સભા સ્થળેથી અટક કરી હતી.


**Bank Exam Coaching**
**IBPS** Vacancy 19243 Fees - Rs.4000/-
**RRB's** Vacancy 16000 Fees - Rs.3000/-
ફ્રી સેમિનાર/રજીસ્ટ્રેશન : તા.૧૯-૯-૧૬, સમય : સવારે ૧૦.૦૦ કલાકે
એકાઉન્ટ ઓફિસર તેમજ વાણિજ્યક વેરા ઓફિસર વર્ગ-૨ ની જગ્યાના વર્ગો માટે પણ સંપર્ક કરવો.
Contact : 9377791965, 9978406959, 9974163713
પ્લોટ નં.૭૬૯/૨, સે.૭/બી, અરિહંતની બાજુમાં, ઘ-રોડ ઉપર ગાંધીનગર.
શ્રીશ્રી એ.પી.કલાસીસ તેમજ ૐકાર એકેડમી,ગાંધીનગર

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




**VAIBHAV FURNISHINGS INC.**
RETAIL SHOWROOM & FACTORY OUTLET

D'DECOR Live beautiful • DC TEX FURNISHINGS • HOMES • COPPER • Kurl-on PU FOAM • SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651